જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૮૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૬૨	૧૨	૮૪૦૭૪	૮૫૦૨૯	૧૨	૮૫૦૪૧
કુલ		૧૦૦૬૭૦	૧૨	૧૦૦૬૮૨	૧૦૯૫૬૬	૧૨	૧૦૯૫૭૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૩	૫,૦૧,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૩	૧,૦૩,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૮૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૨૮ લીટર દેશી દારૂ, ૨૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૧૬ બિયર ટીન, ૧ સ્કુટર ૧ મોટર સાયકલ અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૮૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૮૬/૨૦૨૨**

વાસણાઃ હરીભાઇ મોહનભાઇ વાઘેલા (રહે. યોગેશ્વરનગર વિભાગ-૧ ગુપ્તાનગર વાસણા) એ તા.૨૫/૦૨/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૨૩/૦૨/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.જાડેજા ચલાવે છે.

કાગડાપીઠઃ કૌમીલ દિપકભાઈ ચોક્સી (રહે. નીલકંઠનગર અપ્સરા સિનેમા પાછળ કાંકરીયા) એ તા.૨૫/૦૨/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૨૪/૦૨/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાંકરીયા જુના ઢોર બજાર ધનશ્યામનગર સોસાયટી મકાન નંબર-૧૯/બી ગોડાઉન ખાતેના રૂમના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી (૧) એલઈડી લાઈટ નંગ-૫૨ (૨) હેલોજન (ફોક્સ લાઈટ) નંગ-૨૦ (૩) સ્વીચ બોર્ડ નંગ-૧ મળી કિંમત રૂપિયા ૧,૯૮,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૮૭/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ વિશાલભાઇ સુરેશભાઇ રૂઘાણી (રહે. શિવમ રેસીડન્સી કારગીલ પેટ્રોલપંપ સામે સોલા) એ તા.૨૪/૦૨/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે સોલા નવી બનતી સરકારી વસાહતની સામે કેનાલ ઉપર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં એપલ કંપનીના એરપોડ્સ-૩ નું જમણુ બડ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ વિશાલભાઇ રૂઘાણીએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.